# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૧૬/03/૨૦૧૫ થી તા.૨૨/03/૨૦૧૫

## પ્રેસનોટ

### બાઇક ચોરી ગેગના મુખ્ય સૂત્રધાર ની ધરપકડ કરી કુલ રૂ ૫૮,૭૦૦ નો મુદામાલ રીકવર કરી ૧૧ ગુનાનો ભેદ ઉકેલતી એલ.સી.બી, અમદાવાદ ગ્રામ્ય.

અમદાવાદ શહેર વિસ્તારમાંથી ચોરાયેલ બાઇકો અમદાવાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વેચાણ થતા હોવાની હકીકત અન્વયે અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના પોલીસ વડાશ્રી નિર્લિપ્તરાય સાહેબશ્રી નાઓએ એલ.સી.બી પો.સ.ઇ.શ્રી એ.વાય બલોચ નાઓને આપેલ સુચના અન્વયે પોસ.ઇ.શ્રી એલ.સીબી અને ટીમેઆ પ્રકારે ગુન્હા આચરતી ગેગ સંબઘે માહિતિ એકઠી કરેલ તેના ફલ સ્વરૂપે ચોક્કસ બાતમી આધારે કલીકુંડ ચાર રસ્તા નજીક પુલેન ત્રણ રસ્તા ખાતે વોચ ગોઠવી ભારે જહેમત થી આરોપીને ઝડપી પાડેલ

### ચોરીના બાઇક સાથે મુખ્ય સુત્રધારની અટકાયત

કિરણભાઇ નાનુભાઇ કો.પટેલ ઉ.વ. ૨૦ રહે પુલેન ત્રણ રસ્તા, ધોળકા

ઉક્ત આરોપી પાસેથી હિરો હોન્ડા મો.સા. નંબર વગરનુ કિ.રૂ.૩૫,૦૦૦/- નુ મળી આવેલ તેના આર.ટીઓ. લગત કાગળો માલીકી આધાર પુરાવા ન હોઇ કબ્જે કરી અટકાયત કરી આગવી ઢબે પૂછપરછ હાથ ધરતા અમદાવાદ શહેરના નવરંગપુર વિસ્તારમાંથી ચોરી કરેલાની કેફીયત આપેલ આરોપીની ઘનિષ્ઠ પૂછપરછમાં સહ આરોપી સાથે મળી છેલ્લા એક વર્ષમાં કુલ- ૧૧ બાઇક ચોરી કરેલાની કબુલાત કરેલ જેમાં અમદાવાદ શહેરના નવરંગપુરા વિસ્તારના લોગાર્ડન -૦૮, ધોળકા – ૧, કમોડ ગાય સર્કલ- ૧, સાબરમતિ -૧ બાઇક ચોરીનો સમાવેશ થાય છે.

### કુલ બે ગુન્હાનો ભેદ ઉકલાયો

આ પકડાયેલ ઇસમ પાસેથી કુલ-૨ મો. સા. તથા મોટર સાયકલ ના છુટા ભાગો મળી કુલ રૂ ૫૮,૭૦૦/- નો મુદામાલ રીકવર કરેલ તે પૈકી નવરંગપુરા ના ખાતે બે ગુન્હા નોધાયેલા ની માહિતિ હાલ સુધિ મળેલ છે.

# <u>આરોપીઓની ગુન્હો કરવાની પધ્ધતી</u>

આરોપી મો.સા. રીપેરીગનુ ગેરેજ ધરાવે છે. અને પોતાની આવડતનો ગલત ઉપયોગ કરી જાહેર સ્થળે પાર્ક થયેલ બાઇકો પૈકી સ્ટેયરીગ લોક ખુલ્લુ હોય તેવા બાઇકોને ટાર્ગેટ બનાવી  બાઇક નુ શોકેટ ખોલી બાઇક ચાલુ કરી ચોરી કરતા અને મોટર સાયકલના ભાગો છુટા પાડી ભંગારમાં વેચી દેતા હતા



આમ સપ્તાહ દરમ્યાન અમદાવાદ ગ્રામ્ય જીલ્લા એલ.સી.બી. ધ્વારા બાઇક ચોરી ગેંગના મુખ્ય સુત્રધારને પકડી પાડી મુદામાલ રીકવર કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(નિલિપ્તરાય)
પોલીસ અધિક્ષક
અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ